# મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓને ન્યાય નહીં મળે તો આત્મવિલોપનની ચિમકી

## ગુજરાત રાજ્ય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળના પ્રમુખ સોમવારથી ૭૨ કલાકના ઉપવાસ કરશે

ગાંધીનગર, તા.૧

રાજયભરમાં મધ્યાહન ભોજન યોજનામાં કામ કરતા કર્મચારીઓના પડતર પ્રશ્નનો નિકાલ હજુ સુધી આવ્યો નથી. ત્યારે આગામી તા. ૫ માર્ચના રોજથી શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલા ૭૨ કલાકના ઉપવાસ પર ઉતરશે તેમજ તેમ છતા તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય નહીં લેવામાં આવે તો તા. ૧૩ માર્ચના રોજ ગુજરાતમાં કોઈપણ જાહેર જગ્યાએ મહામંડળના કારોબારી સભ્યોમાંથી કોઈપણ એક સભ્ય આત્મવિલોપન કરશે તેવી ચિમકી મહામંડળ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

ગુજરાત સરકારની મધ્યાહન ભોજન યોજનાના કર્મચારી તરીકે સંચાલક, રસોઈયા તેમજ મદદનીશો સામાન્ય વેતનદરથી છેલ્લા ૩૪ વર્ષથી સરકારના નિતી નિયમો મુકીને પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવે છે. સંચાલકને રૂ.૧૬૦૦, રસોઈયાને રૂ.૧૪૦૦ અને મદદનીશને રૂ.૧૦૦૦ વેતન મળે છે. આજના સમયે મોંઘવારીમાં આટલા ઓછા વેતનમાં કામ કરવું અતિ મુશ્કેલ બની ગયું છે. ત્યારે મધ્યાહન ભોજનના કર્મચારીઓએ વારંવાર રજુઆત કરી છતા પગારમાં કોઈ વધારો થવા પામ્યો નથી. પગાર ધોરણ અને લઘુતમ વેતન કાયમી કરવા બાબત, એન.જી.ઓ. દાખલ નહી કરવા અંગે, જે જિલ્લામાં એનજીઓ છે ત્યાં રદ કરીને છુટા થયેલા કર્મચારીઓને પોતાના મુળ કેન્દ્ર પર ફરીવાર નિમણુંક આપવી, તાજેતરમાં યોજનામાં નવા મેનું તેમજ અલાયદી નાસ્તો આપવાનો જીઆર છે તે રદ કરવો. આ તમામ પ્રશ્નનો ઉકેલ સત્વરે નહીં આવે તો તા.૫ માર્ચથી મંડળના પ્રમુખ ૭૨ કલાકના ઉપવાસ કરશે. ત્યારબાદ ઉકેલ નહીં આવે તો આત્મ વિલોપનની ચિમકી પણ મંડળ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

# અધ્યાપક સહાયકોને ફાજલ રક્ષણ આપવા વિરોધ પક્ષના નેતાને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧

ગુજરાત રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજમાં ફરજ બજાવતા સહાયક અધ્યાપકોને ફાજલ તરીકેનું રક્ષણ તેમજ સેવાની રક્ષણ આપવામાં આવ્યું છે. ત્યારે રાજયની બિનસરકારી અનુદાનિત કોલેજોના અધ્યાપકોને તેમનો કાર્યભાર ઘટતા અન્ય કોલેજોમાં સમાવવાની જોગવાઈ છે તો તે સહાયકોને પણ સેવાની શરતોમાં સુધારાનો લાભ આપવા અનુરોધ કર્યો છે. અધ્યાપક સહાયક તરીકેનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરતા અધ્યાપકોને તાત્કાલીક



શરતોમાં સુધારાનો લાભ આપવામાં આવેલ નથી. જેને પગલે અધ્યાપક સહાયક મંડળના સભ્યો દ્વારા ગુજરાત વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણીને મળીને લેખિત રજુઆત કરી આવેદન પત્ર પાઠવ્યું છે. ત્યારે વિરોધ પક્ષના નેતાએ પણ આ અંગે યોગ્ય કરવા જણાવ્યું છે.

ગુજરાત રાજયમાં શિક્ષણ વિભાગમાં વર્ષ ૧૯૯૮ થી ૨૦૧૬ સુધીમાં નિમણુંક પામેલા તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો-કર્મચારીઓને સરકાર દ્વારા ફાજલ અનુસાર અધ્યાપક સહાયકોને પણ ફાજલ તરીકેનું સંપૂર્ણ રક્ષણ આપવામાં આવે તેમજ આ અંગેનો ઠરાવ કરવા અનુરોધ કર્યો છે.અધ્યાપક સહાયક તરીકેનો ઉચ્ચક ફિકસ પગારનો કુલ સમયગાળો કાયમી સેવા સાથે સળંગ ગણવામાં તેમજ સિનિયોરીટી,બઢતી અને ઉચ્ચતર પગાર ધોરણ ઈજાફા વગેરે લાભ આપવા જણાવ્યું છે. વારંવાર ફિકસ પગારના કર્મચારીઓની સેવાની શરતોમાં જે સુધારો જાહેર કર્યો છે તે અનુસાર અધ્યાપક અસરથી કાયમી નિમણુંક કરવા યોગ્ય વહીવટી પગલા ભરવા વિરોધ પક્ષના નેતાને આવેદન પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી છે. રાજયમાં વિવિધ કોલેજમાં હજજારો ઉમેદવારો સહાયક અધ્યાપક તરીકે સેવાઓ બજાવે છે ત્યારે તેઓને ફાજલ અને સેવાની શરતોમાં સુધારાનો લાભ આપવા અંગે રજુઆત કરાઈ છે. અગાઉ પણ અધ્યાપક સહાયકોએ રાજયના શિક્ષણમંત્રીને લેખિત રજુઆત કરી છે છતા કોઈ યોગ્ય નિવેડો આવ્યો નથી.

# નેશનલ સાયન્સ કાર્નિવલ ઈવેન્ટનું મેનેજમેન્ટ કરતા બીબીએના વિદ્યાર્થીઓ

ગાંધીનગર, તા. ૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય વિનર્સ સમીટ તેમજ કચ્છ રણઉત્સવ અને ગુજકોસ્ટ તેમજ



સંચાલિત બી.પી. કૉલેજ ઓફ બિઝ્નેશ ઍડ્મિનિસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓએ ઈવેન્ટ મેનેજમેન્ટની તાલીમ મેળવવા અનેક રાજયકક્ષાની તેમજ રાષ્ટ્રીયકક્ષાની ઈવેન્ટનું સંચાલન કરવાનો મોકો મેળવેલ છે. જેમાં ગાંધીનગર આઈ.ટી.એક્સ્પો, ગુજકોસ્ટ, ઈન્ડિયન ડાયસ્પોરા, નોબેલ સાયન્સ સીટી ખાતે આયોજિત અનેક કાર્યકર્મનું સફળતાપૂર્વક મેનેજમેન્ટ કાર્ય કર્યુ હતું. અને આજ કડીના ભાગરૂપે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સંચાલિત નેશનલ સાયન્સ કાર્નિવલ કાર્યક્રમનું મેનેજમેન્ટ શહેરની નામાંકિત બીબીએ કોલેજના ૨૧ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહ ડો. વીરેન્દ્રકુમાર ડાયરેક્ટરની પ્રેરક ઉપસ્થીતીમાં થયો હતો. ચાર દિવસીય ઈવેન્ટના સમાપન સમારોહમાં ડો. વી.ડી. કાંબલે ભૂતપૂર્વ ડાયરેક્ટર વિજ્ઞાન પ્રસાર ખાસ ઉપસ્થિત રહેશે. ગુજકોસ્ટના ડિરેક્ટર નરોત્તમ સાહુ તેમજ પુલકેશ પ્રજાપતિ દ્વારા બીબીએના વિદ્યાર્થીઓને સમગ્ર ઈવેન્ટ મેનેજ કરવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર ઈવેન્ટ મેનેજમેન્ટ બાબતે કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટીના હેડ ડો. જયેશ તન્નાએ વિદ્યાર્થીઓ સાથે કાર્યક્રમ બાબતે કો-ઓર્ડીનેશન કરી સમગ્ર ઈવેન્ટને સફળ બનાવવા પ્રયત્નો કર્યા હતા.

## શહેરના જાણીતા કોન્ટ્રાક્ટર ઈન્દુભાઈ પટેલનું દુઃખદ અવસાન

ગાંધીનગરના આરંભિક કાળમાં વિકાસના અસંખ્ય કામો કરનાર જાણીતા કોન્ટ્રાક્ટર ઈન્દુભાઈ આર. પટેલનું આજે સવારે અવસાન થતાં શહેરમાં શોકની લાગણી છવાઈ હતી. સદ્ગતની અંતિમ યાત્રામાં વેપારીઓ અને જ્ઞાતિજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સ્વ. ઈન્દુભાઈ પટેલ વિધાતા એસોસિએટ્સના રજનીભાઈ આર. પટેલના મોટાભાઈ થાય છે.



ટીંટોડા પ્રાથમિક શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ટીંટોડા ક્ષત્રિય ઠાકોર સેનાના યુવાનો દ્વારા શાળામાં વાર્ષિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકોએ ગીત-સંગીત તેમજ સુંદર વિવિધ કૃતિઓ રજુ કરી હતી.

# આદિવાડાની સરકારી જમીનમાં નામ ઉમેરવાનો કારસો..!

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં જમીનના ભાવ આસમાનને આંબે છે. શહેર જેવડું બીજુ નગર બની જવા પામ્યું છે. જમીનના ભાવ કુદકે અને ભુસકે વધતા જમીન પર કેટલાક લોકોની નજર બગડે છે. ગમે તે ભોગે જમીનમાં નામ કેવી રીતે અંદર દાખલ કરવામાં આવે તેના જ ગેમ પ્લાન મગજમાં દોડતા હોય છે. ત્યારે ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ આદિવાડા ગામમાં પડતર સરકારી જમીનમાં ગામના જ એક ઈસમનું નામ ચડાવી દેવાનો આક્ષેપ ગામના નાગરીકે કર્યો છે.તેઓએ કહ્યું કે પોતાની વગનો ઉપયોગ કરી સરકારી અધિકારીઓ સાથે સાંઠગાંઠથી સરકારી જમીનમાં નામ ચડાવી દેવામાં આવ્યાનું કૌંભાડ આચરવામાં આવ્યું હોવાનું ધ્યાને આવ્યું છે.

આદિવાડાના રહીશ અને હાલમાં સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટી ખાતે રહેતા હિંમતસિંહ.આર.ચાવડાએ જણાવ્યું છે કે આદિવાડાની પ્લોટ નંબર ૬ પૈકીની ૨૬૬૨ ચોરસવાર જમીનનો દસ્તાવેજ કલોલની ઓફિસ બુક નંબર ૯ વોલ્યુમમાં ચાવડા લક્ષ્મણજી બળદેવજીના નામે નોંધાયેલ છે.

આ જગ્યા વેચાણ કરવા માટે લક્ષ્મણજી સામે કેસ કરવામાં આવ્યો હતો.પરંતુ લક્ષ્મણજીનું અવસાન થતા કેસ બંધ કરી દેવામાં આવ્યો હતો. અમારો દસ્તાવેજ હોવા છતા કેસ કરવામાં આવ્યો હતો હવે આ જમીનમાં ગામના અન્ય નાગીરકોના નામ ચડી ગયા છે. સરકારી જમીન બચાવવામાં આવી છે. ત્યારે શીવાજી વરવાજી ચાવડા અને ગીરીશ શીવાજી ચાવડા અને ભીખાજી શીવાજી ચાવડાના નામ કેવી રીતે આકારણીમાં આવી ગયા છે. આશરે પંદર વર્ષ પહેલા જે જમીન સરકારી જાહેર કરવામાં આવી હતી. તે જગ્યાના હાલમાં દસ્તાવેજ અને આકારણી કરવામાં આવી પ્લોટનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. આ બાબતે હિંમતસિંહ ચાવડાએ ગાંધીનગર કલેકટરને લેખિત રજુઆત કરી આ અંગે ન્યાય અપાવવા માંગ કરી છે. અરજદારે ચિમકી ઉચ્ચારી છે કે જો આ બાબતે ન્યાય કરવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.

# જ્યોતિ મહિલા મંડળ 'વિશ્વ મહિલા સપ્તાહ' ઉજવશે

ગાંધીનગર, તા. ૧

વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે જ્યોતિ મહિલા મંડળ દ્વારા ૩જી માર્ચે સેક્ટર-૨૩માં કડી કેમ્પસમાં આવેલા ખીમજી વિસરામ હોલ ખાતે મહિલાઓ માટે જીવન-આસ્થા માર્ગદર્શન તેમજ સુરક્ષાસેતુનું આયોજન કરવામાં આવ્યું છે.

મહિલા મંડળ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં આઈપીએસ મહિલા ઓફિસર મીરા શ્રીનિવાસ ઉપસ્થિત રહેશે. વિશ્વ મહિલા દિવસની ઉજવણી અંતર્ગત મહિલાઓ માટે ગર્ભાશયના કેન્સરને નિવારવા પેપ્સમિયર ટેસ્ટ તથા બ્રેસ્ટ કેન્સરની જાગૃતિ લાવવા માટે મેમોગ્રાફી ટેસ્ટનું આયોજન નિઃશુલ્ક કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૭મી માર્ચે મહિલાઓમાં કેલ્શિયમની ઉણપ નિવારવા માટે બોન ડેન્સીટી કેમ્પનું આયોજન તેમજ માર્ગદર્શન કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

'વિશ્વ મહિલા સપ્તાહ'ની ઉજવણી દરમ્યાન મહિલાઓ માટે કાનૂની શિક્ષણ શિબિર અને લગ્નગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વ મહિલા સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ખાસ મહિલાઓ માટે આયોજિત આ તમામ કાર્યક્રમોમાં ભાગ લેવા માટે નગરની સમગ્ર બહેનોને સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.



## આર.સી. પટેલ સેકન્ડરી સ્કુલની જમીયતપુરામાં શિબિર યોજાઈ

શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલની ૧૬મી એન.એસ.એસ. શિબિરનું આયોજન જમીયપુરા મુકામે કરવામાં આવ્યું હતું. વ્યસન મુકિત, સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો બેટી પઢાઓ, મેલેરીયા નાબુદીની જાગૃતિ, ભીંતસૂત્રો, રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૫મી ફેબ્રુઆરીએ ઉદઘાટન કરવામાં આવ્યું હતું. તા. ૨૮મી ફેબ્રુઆરીએ સમાપન કરાયુ હતું. મુખ્ય મહેમાન પદે શેઠ સી.એમ. હાઈસ્કુલના આચાર્ય શ્રી બચુભાઈ પટેલ, આર.સી. પટેલ હાઈસ્કુલના આચાર્ય શ્રી વિનોદભાઈ પટેલ, જમીયતપુરાના સરપંચ તેમજ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.


# સ્વાગત રેઈન ફોરેસ્ટમાં આઠમા માળથી યુવાન પટકાયો

## જીટીપીએલની ઈન્ટરનેટ કમ્પલેઈન સોલ્વ કરવા ધાબે ચઢેલા ૨૩ વર્ષિય યુવાને પડતુ મુકી મોતને વ્હાલુ કર્યુ હોવાની આશંકા

ગાંધીનગર, તા. ૧

ન્યુ ગાંધીનગરના સ્વાગત રેઈન ફોરેસ્ટના આઠમા માળેથી ઉર્જાનગર-૨ રાંદેસણ ખાતે રહેતો ૨૩ વર્ષિય યુવાન નીચે પટકાતા કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. સવારે બનેલી આ ઘટનાથી ભારે સન્નાટો સવાઈ ગયો હતો. આ યુવાન જીટીપીએલની ઈન્ટરનેટ કમ્પલેઈન સોલ્વ કરવા માટે સ્વાગત રેઈન ફોરેસ્ટના ધાબે ગયો હતો. અચાનક ત્યાંથી કોઈ કારણોસર નીચે પડતુ મુકી આપઘાત કર્યો હોવાની આશંકાએ ઈન્ફોસીટી પોલીસે તપાસ આરંભી છે. યુવાનનો મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી ઈન્ફોસીટી પોલીસે હાથ ધરી છે.

રાંદેસણ ખાતે સીટી પલ્સ નજીક આવેલી ઊર્જાનગર-૨ સોસાયટીમાં રહેતો ૨૩ વર્ષિય યુવાન રાહુલ હસમુખભાઈ મંડીર જીટીપીએલમાં એન્જીનીયર તરીકે નોકરી કરતો હતો. તેની સગાઈ થઈ ચુકી હતી. સ્વાગત રેઈન ફોરેસ્ટ ફલેટમાંથી જીટીપીએલના ઈન્ટરનેટ કનેક્શન ધરાવતા એક ગ્રાહકની કમ્પલેઈન સોલ્વ કરવા આ યુવાન રાહુલ ફલેટમાં ગયો હતો. પ્રતિક મોલની સામે આવેલા આ ફલેટના ધાબે ઈન્ટરનેટ કમ્પલેઈન સોલ્વ કરવા ચઢેલો રાહુલ અચાનક કોઈ કારણોસર આજે સવારે સાડા દસ વાગ્યાના અરસામાં ફલેટના આઠમા માળેથી નીચે પટકાયો હતો. ઘટનાની જાણ થતાં ઈન્ફોસીટી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મોતને ભેટેલા રાહુલનો મૃતદેહ પીએમ કરાવી પરીવારજનોને સોંપી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. યુવાને છલાંગ લગાવી આપઘાત કરી લીધો હોવાની આશંકાએ પોલીસ તપાસ ચલાવી રહી છે.



## ચિલોડામાં ભવ્ય ગરબા મહોત્સવ યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના મુખ્ય ચોકમાં મહાકાલી મંદિરની પાસે શ્રી બળિયાદેવ મહારાજ અને શ્રી મહાકાલી માતાજી યુવક મંડળના સહયોગથી દર વર્ષે ૨૪મી ફેબ્રુઆરીના રોજ યોજાતા દેવ-દેવીઓના માનતાના ફુલવાળા ગરબાનો ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગરબા મહોત્સવમાં ૨૩થી વધુ ફૂલવાળા શણગારેલા ગરબા ગામની મહિલાઓએ માથે લઈને ભક્તિભાવથી ભાગ લીધો હતો. આ સાથે ગામની તમામ મહિલાઓ, યુવકો, ભાવિક ભક્તોએ ગાયક કલાકાર શિતલ ઠાકોરના મધુર કંઠે ગરબાની રમઝટ બોલાવી હતી. આમ ગામનો મુખ્ય ચોકથી પ્રવેશદ્વાર સુધી રંગબેરંગી લાઈટ ડેકોરેશનથી સમગ્ર ગામ ઝળહળી ઉઠ્યુ હતુ. યુવક મંડળ દ્વારા એલઈડી સ્ક્રીનની સુવિધા દ્વારા મોટી સંખ્યામાં ભાવિક ભક્તજનોએ જીવંત પ્રસારણ નિહાળી મંત્રમુગ્ધ બન્યા હતા.



## વાયુ શક્તિનગરમાં હોટ એર બલૂનિંગ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર નજીક આવેલા વાયુ શક્તિનગરમાં સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના હેડક્વાર્ટરમાં વાયુદળના સૈનિકો માટે બે દિવસીય હોટ એર બલૂનિંગ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. વાયુદળના સૈનિકો માટે આયોજિત વિવિધ સાહસિક પ્રવૃત્તિઓના ભાગરૂપે હોટ એર બલૂનિંગ પ્રવૃત્તિ યોજવામાં આવી હતી. આ પ્રવૃત્તિનું ઉદ્ઘાટન ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદેશ વાયુદળના સૈનિકોને પ્રોત્સાહિત કરી તેમના મનમાં આત્મવિશ્વાસ જગાવવાનો તેમજ તેમને એકતાંતણે જોડી જોખમ લેવાની ક્ષમતા વિકસાવવાનો હતો. ર

# સરકાર દ્વારા ભરતી પ્રક્રિયામાં પારદર્શિતાની વાતો વચ્ચે ઉમેદવારોના ન્યાય માટે ફાંફા

## અનેક રજુઆતો છતાં તક ન મળતાં રાજ્યપાલ, મુખ્યમંત્રી સુધી રજુઆત

ગાંધીનગર, તા. ૧

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિનસચિવાલય સેવા તથા સચિવાલયની તા. ૫-૨-૨૦૧૭ના રોજ યોજાનાર રિસફલિંગ પ્રક્રિયા માટે ઊંચો મેરીટ ક્રમાંક ધરાવતા જીપીએસસી ઓફિસ આસિ.ને બાકાત રાખી બિનસચિવાલય સંવર્ગના કારકુનને પત્રો મોકલાતાં જીપીએસસી ઓફિસ આસિસ્ટન્ટે મૌખિક રજુઆત કરી હતી. પરંતુ મંડળ દ્વારા સમાન કેડર અને ભરતી પ્રક્રિયા જટિલ થાય તેમ જણાવી નકારાત્મક અભિગમ દાખવતાં તા. ૨૮-૨-૧૮ના રોજ જીપીએસસી ઓફીસ આસિ.એ સચિવાલય, વિધાનસભા અને જીપીએસસીમાં મહેકમ તેમજ બઢતીની તકો અલગ-અલગ હોવા ઉપરાંત અગાઉની નાયબ સેક્શન અધિકારી/નાયબ મામલતદાર, વર્ગ-૩ની તેમજ ૨૦-૧૦-૧૧માં થયેલ રીસફલિંગ પ્રક્રિયામાં લેવાયેલ નિર્ણય અનુસાર જીપીએસસી ઓફીસ આસિ.ને જ તક મળે તેવા પુરાવા સહિતની લેખિત રજુઆત કરી હતી. આ પહેલાં પણ તેઓએ રિસફલીંગ પ્રક્રિયામાં તેઓને તક મળે તે અંગે બે વખત મંડળને તેમજ ઉચ્ચ રિસફલિંગની પ્રક્રિયામાં ઊંચો મેરીટ ધરાવતા ઉમેદવારોને અન્યાય થતાં રાજયના માન. રાજયપાલશ્રી તેમજ મુખ્ય સચિવ સહિતના ઉચ્ચ અધિકારીઓ તેમજ



અધિકારી અને એક વખત મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી હોવાનું અરજીમાં જણાવ્યું હતું.

વધુમાં, રાજય સરકાર દ્વારા ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા દાખવવાની ખાતરી આપવામાં આવી રહી છે ત્યારે રાજય સરકારના મંડળ દ્વારા જ ગતરોજ મુખ્યમંત્રી, ના. મુખ્યમંત્રી, વિરોધ પક્ષના નેતા તેમજ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષને ઉગ્ર રજુઆત કરવાની ફરજ પડી હતી. ઉપરાંત રીસફલીંગ પ્રક્રિયામાં તક આપવામાં ન આવે તો ન્યાયિક આશરો લેવાની પણ ચિમકી ઉચ્ચારી હતી.